بسم اللہ الرحمن الرحیم

# સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.04-08-2017 સ્થળ: બૈતુલ ફુતુહ, લંડન

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે ફરમાવ્યું:

અલ્લાહ તઆલાની કૃપા છે કે જમાઅત અહેમદિયા બર્તાનિયાનો વાર્ષિક સંમેલન ગયા અઠવાડીએ  સારી રીતે યોજાયો. આ સંમેલનના ત્રણેય દિવસોમાં આપણે અલ્લાહ તઆલાની કૃપાઓ અને બરકતોના દ્રશ્યો જોયા અને પ્રત્યેક સામેલ થનારે અનુભવ કર્યો કે અલ્લાહ તઆલાની સહાયતા તથા કૃપા પ્રત્યેક સમયે નાઝીલ થઈ રહી છે. આથી આ વાત પર આપણે અલ્લાહ તઆલાનો જેટલો પણ આભાર માનીએ ઓછો છે. આ આભાર કાર્યકર્તાઓ તરફથી પણ વ્યકત થવો જોઈએ તથા સામેલ થનારઓએ પણ આભારી હોવું જોઈએ જેથી તેઓ પણ અધિકથી અધિક અલ્લાહ તઆની કૃપાઓ ગ્રહણ કરનાર બને અને જે સેવા પર નિયુકત હતા, કાર્યકર્તા હતા તેમનો પણ, તે લોકોએ જે સામેલ થયા આભારી રહેવું જોઈએ.

હુઝુર અનવરે ફરમાવ્યું કે જલસા સાલાનાના ઉદ્દેશ્યોમાંથી એક લક્ષ્ય આ પણ છે કે એવો ભાઈચારો અને આભારની ભાવનાઓ એક બીજા પ્રતિ પૈદા થાય જે ઉદાહરણ બને. અલ્લાહ તઆલાની કૃપાથી આ જ પ્રેમ અને ભાઈચારાની ભાવનાઓ છે જેની અભિવ્યકિત જ્યારે આપણે પોતાના અને ગૈરોથી કરી રહ્યા હોય તો આ વસ્તુ પ્રત્યેક આવનાર મહેમાનને પ્રભાવિત કરી રહી હોય છે, જ્ઞાન વર્ધક અને ધર્મના પ્રોગ્રામો સમેત પ્રત્યેક અહેમદીનો વ્યવહારીક નમૂનો આવનાર અતિથિઓને અત્યધિક પ્રભાવિત કરી રહ્યો હોય છે જેને તેઓ જાહેર કરે છે કે ઈસ્લામની વાસ્તવિક તાલીમનો નમૂનો અમોને જલસામાં જોવા મળ્યો જેનાથી અમે ખુબ જ પ્રસન્ન થયા. આવનાર ગૈર મહેમાન જે છે, તેઓ પોતાની ભાવનાઓ વ્યકત પણ કરે છે. અત્રે હું અમુક અભિવ્યકિતઓ પેશ કરૂ છું જે તેમણે આ વાતાવરણને જોઈ બયાન કરી છે તથા તરત જ આ વાતને જાહેર કરી, કે જો આ ઈસ્લામની તાલીમ છે તો આ તાલીમ દુનિયામાં ફેલાવવાની જરૂર છે.

બેનિનથી પૂર્વ વિદેશ મંત્રી તથા રાષ્ટ્રીય સલાહકાર મરયમ બોની જિલયાલો સાહેબા કહે છે કે મને આ જલસાના માધ્યમથી અહેમદિયા જમાઅતને સારી રીતે સમજવાનો અવસર મળ્યો. હું જલસાની વ્યવસ્થાથી ખુબ પ્રસન્ન થઈ છું, કાર્ય કર્તાઓનો પ્રબંધકીય ધોરણ ખુબ ઉચ્ચ શ્રેણીનો હતો, કાર્યકર્તાઓની નિષ્ઠા જોઈ હું ચકિત રહી ગઈ. મેં પ્રબંધની દ્રષ્ટિથી પ્રત્યેક પ્રકારથી નિરીક્ષણ કર્યુ, કહે છે કે પરંતુ એટલા વિશાળ જલસામાં કોઈ ખામી જોવા નથી મળી. કહે છે કે જ્યારે હું કાર્યકર્તાઓ તરફ જોતી તો અનુભવ કરતી કે કોણ નાનો કોણ મોટો, વૃદ્ધ જવાન પુરૂષ સ્ત્રી અર્થાત પ્રત્યેક વર્ગના લોકો બીજાને આરામ પહોચાડવામાં અગ્રેસર હતા. પ્રત્યેક મનુષ્ય પોતાનો આરામ ભુલીને બીજાને સુવિધા તથા સરળતા પહેચાડવા માટે તત્પર હતા. કહે છે કે તે ઈસ્લામ જે અહેમદિયત પેશ કરે છે તે જ દુનિયાને અમન આપી શકે છે તથા વિશ્વની સમસ્યાનું સમાધાન આમાં જ છે. પછી કહે છે કે અહેમદિયા જમાઅતના ઈમામનો જે મહિલાઓમાં સંબોધન હતું તેણે મારા વિચારો પર અત્યંત પ્રભાવ છોડયો છે. અન્ય મુસ્લિમ સમુદાયોની દ્રષ્ટિમાં મહિલાની અવસ્થા એક ગુલામથી અધિક નથી પણ અહેમદિયા જમાઅતના ઈમામએ મહિલાઓના સંબોધનમાં મહિલાઓને ગુરૂ ઘોષિત કર્યા છે તથા તેમના કર્તવ્યોમાં આવનાર પેઢીના પ્રશિક્ષણ તથા તાલીમને સામેલ કરી છે જે વિશ્વનું ભવિષ્ય છે.

પછી ગોએટેમાલાની રાષ્ટ્રીય લોક સભાની સભ્ય એલીન કૈલિસએ પોતાની ભાવનાઓ જોહેર કરી કે જલસામાં સામેલ થવું એક અત્યંત અદભુત તથા વિચિત્ર અનુભવ હતો. ઈસ્લામ ધર્મ અને અહેમદિયા જમાઅત વિશે મારા વિચારોમાં ખુબ બદલાવ આવ્યો છે. મીડિયાએ ઈસ્લામ વિશે ખુબ અનુચિત તથા ભયાનક ચિત્ર બનાવેલ છે કે ઈસ્લામ આતંક અને ધૃણાની તાલીમ આપે છે પરંતુ હું આ જલસાથી ઈસ્લામની, વાસ્તવિક ઈસ્લામની શાંતિ પૂર્ણ તથા સુંદર તાલીમની વિચાર ધારા લઈ પાછી જાઉ છું.

તેવી જ રીતે કોસ્ટા રીકાની નેશનલ યૂનિવર્સિટીના પ્રોફેસર સિરીજ્યોમાયા જલસામાં સામેલ થયા. કહે છે કે મેં આ જલસાના માધ્યમથી ઈસ્લામનું એક નવું ચિત્ર જોયું છે, મુસલમાનોની એક એવી જમાઅત જોઈ છે જે પરસ્પર પ્રેમ તથા સદભાવનામાં બેમિસાલ છે. જે પોતાના ઈમાનનો ક્રિયાશીલ ચિત્રણ કરે છે. હું પાછો જઈને પોતાના પાડોસીઓ તથા વિદ્યાથીઓને જણાવીશ કે અહેમદિયા જમાઅત ઈસ્લામની વાસ્તવિક તથા સુંદર તાલીમને ક્રિયાશીલ રૂપમાં પેશ કરે છે તથા જે વાસ્તવમાં પોતાના ઉદ્દેશ્ય અનુસાર કાર્યરત છે. હુઝુર અનવરે ફરમાવ્યું કે આ લોકો આવનાર આપણા પ્રચારનો પણ માધ્યમ બની જાય છે.

પછી કોસ્ટા રીકાની લોક સભા સદસ્યના સલાહકાર ડગલસ મોન્ટો રોસો સાહેબ કહે છે કે મેં જલસા સાલાનામાં અહેમદિયા જમાઅતના ઈમામના ભાષણો ખુબ ધ્યાન પૂર્વક સાંભળ્યા, તેમના આ ઉપદેશે મને ખુબ પ્રભાવિત કર્યો કે પોતાના દુશ્મનોને માફ કરવા તથા તેમના માટે દુઆ કરવાથી દિલ ધૃણા અને દ્વેષથી મુકત થઈ જાય છે. હુઝુર અનવરે ફરમાવ્યું કે આ તે તાલીમ છે જે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ આપણને આપી અને કહે છે કે આ જ વસ્તુ છે જે વિશ્વમાં અમનની સ્થાપનાનું સાધન થઈ શકે છે અને આ સંબોધનોથી મને આધ્યાત્મિક રૂપથી તથા વ્યવહારીક રૂપથી ખુબ લાભ પ્રાપ્ત થયો છે તથા ઈસ્લામની વાસ્તવિક તાલીમો તથા વ્યવહારીક રૂપ આ આ જલસામાં જોવા મળ્યો.

એક કરોશિયન મહિલા કેટરીના સાલિક સાહેબા જલસામાં સામેલ હતી, કહે છે કે હું પહેલાં ચર્ચમાં નન હતી હવે સત્યની શોધમાં છું. કહે છૈ કે જલસાના વાતાવરણે તથા અહીયા લગાવેલ પ્રદર્શનો તથા જમાઅતના વિષયમાં અન્ય જાણકારીએ મારા વિચારોને પ્રકાશમય કરી દીધો છે. મને લાગે છે કે જલ્દી જ હવે સત્યની શોધ યાત્રા પુરી થઈ ગઈ. ખ્હે છે કે જમાઅત અહેમદિયાના ઈમામના ભાષણોએ મારા મસ્તિષ્ક પર ખુબ ભારી પ્રભાવ છોડયો છે.

કરોશિયાથી પાછલાં વર્ષે એક જોડો આવ્યો હતો, મોટી આયુંના હતા આ વર્ષે પણ સામેલ થયા. મારાથી મુલાકાત સમયે તેમણે કહ્યું કે પાછલા વર્ષ અમે એક સાધારણ મુસલમાનના રૂપમાં સામેલ થયા હતા અને આ વર્ષે અમે અહેમદી મુસલમાનના રૂપમાં સામેલ થયા છીએ.

હુઝુર અનવરે અતિથિઓના અનુભવો બયાન ફરમાવ્યા અને ફરમાવ્યું કે આ જે ગૈરો પર પ્રભાવ પડે છે આપણી જમાઅતનો, તેને સામાન્ય દિવસોમાં પણ કાયમ રાખવાનો પ્રયાસ કરવો જોઈએ, આ ખુબ મોટુ દાયિત્વ છે પ્રત્યેક અહેમદીનો કે કેવળ થોડા દિવસો માટે દેખાવો ન હોય બલ્કે હંમેશને માટે આ પ્રભાવ કાયમ કરનાર થાય.

હુઝુર અનવરે ફરમાવ્યું કે આ કેટલીક અભિવ્યકિતઓ હતી ગૈરોની, ફરમાવ્યું અમુક મુસલમાનો પણ સામેલ થયા હતા જે પોતાના દેશોના લીડર હતા તેમનું પ્રતિનિધિત્વ પણ કરી રહ્યા હતા, તેમની એક બે અભિવ્યકિતઓ પેશ કરૂ છું.

અલ હાજ મુહમ્મદ સલીમ સાહેબ છે ઉપાધ્યક્ષ રાષ્ટ્રીય વિધાન સભા ગિની કનાકરી, કહે છે કે મને હજ કરવાનો પણ અવસર મળ્યો છે તથા અનેક ઈસ્લામી દેશોના ધાર્મિક પ્રોગ્રામોમાં પણ સામેલ થઈ ચુકયો છું પણ આટલા ઉત્તમ અને

પશંસનીય પ્રબંધ મેં કયાંય નથી જોયા તથા આ જ ઈસ્લામની વાસ્તવિક આત્મા છે જે અમોને અહીયા જોવા મળી. આપ લોકો પોતાના કામમાં સૌથી આગળ છો અને આપ જ સીધા માર્ગ પર છો. કહે છે કે મને વિશ્વાસ છે કે આપ લોકોની પાછળ ખુદાનો હાથ છે.

સીરાલિયોનના એક મેમ્બર માર્લામેન્ટ અલી કલાકો સાહેબ કહે છે કે અહેમદિયત જ ઈસ્લામનું વાસ્તવિક રૂપ છે. અહેમદી મુસલમાન અમન માટે જે પ્રયાસ કરી રહી છે તે પ્રશંસાને યોગ્ય છે. આજ કાલ ઈસ્લામનું નામ દરેક બાજુ આતંકવાદ સાથે જોડવામાં આવે છે પરંતુ અહેમદી આ ધારણાને અનુચિત સાબિત કરી રહી છે. જલસાની વ્યવસ્થા અતિ ઉત્તમ હતી, નાના નાના બાળકો પણ સેવામાં વ્યસ્ત હતા. આ દ્રશ્ય આત્મવિભોર હતો અને મારા વિચારમાં અહેમદિયા જમાઅતને સત્ય સાબિત કરવા માટે આ જ દ્રશ્ય પર્યાપ્ત છે.

પછી તુર્કમાનિસ્તાનના એક મિત્ર અબ્દુલ રશીદ સાહેબ સામેલ થયા. કહે છે કે જે દિવસથી લંડન આવ્યો છું પ્રેમ તથા ભાઈચારામાં ઘેરાયેલો છું જેવું કે પોતાના વાસ્તવિક માતા પિતા તથા પરીવારની સાથે છું. કહે છે કે જલસામાં સામેલ થઈ મને આ વાત સમજાય ગઈ છે કે મેં મારૂ આખું જીવન અલ્લાહની શોધમાં વ્યતીત કરી પરંતુ અલ્લાહ તઆલા કેવળ અહીયા આવીને જ મેળ્યો. મને અલ્લાહ તઆલાના ફઝલથી વિશ્વવ્યાપી બૈઅતના ભવ્ય આયોજનમાં સામેલ થઈ બૈઅત કરવાનો સૌભાગ્ય પ્રાપ્ત થયું.

હુઝુર અનવર ફરમાવે છે કે કેટલાક નવી બૈઅત કરનાર જ્યારે પ્રેમ અને ભાઈચારાના દ્રશ્યો જુએ છે તો તેમના ઈમાનમાં અધિક વ્યાપકતા આવે. જમીકાથી સામેલ થનાર એક નૌમુબાઈન મહિલા વિન્સન વિલયમ સાહેબા કહે છે કે જલસા સાલાનામાં ખલીફતુલ મસીહના ભાષણો તથા ખાસ કરીને વિશ્વવ્યાપી બૈઅત એક ખુબ જ ભાવુક અનુભવ હતો. જ્યારે મેં કાર્યકર્તાઓને નિઃસ્વાર્થ સેવા કરતા જોયા તો મને આભાસ થયો કે આ એક ઈલાહી જમાઅત છે તથા ખલીફા એ વકતને સીધો અલ્લાહ તઆલાની સહાયતા અને સમર્થન પ્રાપ્ત છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે આલમી બૈઅતનો પણ ગૈરો પર પ્રભાવ પડે છે. કરોશિયન પાર્લામેન્ટના મેમ્બર એસમ્બલી જલસામાં સામેલ થયા આલમી બૈઅત વિશે તેમણે જણાવ્યું કે આલમી બૈઅતના આયોજને મને ખુબ પ્રભાવિત કર્યો. હું ખ્રિસ્તી ધર્મની faithly commfirmation ના આયોજનમાં ઘણી વાર સામેલ થયો છું પરંતુ જે ભાવનાઓ, શ્રદ્ધા તથા ધર્મ પ્રતિ આજ્ઞાપાલનનો સંકલ્પ અહેમદિયા જમાઅતની વિશ્વવ્યાપી બૈઅતમા જોઈ તે અદભુત તથા વિચિત્ર અનુભવ હતો જેને હું મારી આયું સુધી યાદ રાખીશ.

હુઝુર અનવરે ફરમાવ્યું કે પ્રેસનો પણ ધ્યાન આકર્ષિત થયો છે. જલસાથી પ્રભાવિત થઈ પ્રૈસ પણ હવે ઈસ્લામ વિશે ઉચિત સમાચાર આપવા પર મજબૂર છે. બોલ યોયાના નેશનલ ન્યૂઝ ચેનલના એક પત્રકારે પોતાની ભાવનાઓ વ્યકત કરતા જણાવ્યું કે પશ્ચિમી વિચાર ધારા અનુસાર ઈસ્લામ મહિલાને પાછળ રાખે છે તથા તેનો કોઈ આદર નથી. પરંતુ મેં અહિયા જોયું કે અહેમદિયા જમાઅતના ઈમામ તો ઉચ્ચ સ્થાન મેળવનાર મહિલાઓને ઈનામ આપી રહ્યા છે તથા પ્રત્યેક મહિલાને તેનું અલગ નામ લઈને પુકારવામાં આવે છે તો મારા દિલમાં ઈચ્છા ઉત્પન્ન થઈ કે હું પાછો જઈને પોતાના અખબારમાં આ વિશે અવશ્ય લખીશ. શું દુનિયામાં કયારેય કોઈ મુખ્યાએ કેવળ મહિલાઓને સંબોધિત કરીને ભાષણ આપ્યું છે, કદાપી નહી.

હુઝુર અનવરે ફરમાવ્યું કે પ્રૈસે પણ ખુબ સારી કવરેજ આપી છે. મીડિયાના માધ્યમથી, જલસા સાલાનાના વિષયમાં ૩૫૮ સમાચાર પ્રસારિત થયા છે તથા તેમાં હજુ ઘણી વૃદ્ધિ થઈ રહી છે. એક અવલોકન અનુસાર તમામ માધ્યમો દ્વારા

૧૨૮ મિલયનથી અધિક લોકો સુધી સંદેશ પહોચ્યો છે. આફ્રિકામાં જલસા સાલાનાની કવરેજ થઈ. આફ્રિકામાં એમટીએ આફ્રિકા સહિત દસ ચેનલો પર જલસા સાલાનાનું પ્રસારણ દેખાડવામાં આવ્યું જેના પર વિભિન્ન દેશોમાં ૧૫૦થી અધિક કલાકો પર આધારિત કવરેજ કરી.

અલ્લાહ તઆલા કરે કે આપણે આપણા કર્તવ્યોનો હંમેશા નિર્વાહ કરનાર બનીએ અને અલ્લાહ તઆલાની કૃપાને ગ્રહણ કરવા માટે હંમેશા ધર્મને દુનિયા પર પ્રાથમિકતા આપતા પોતાના દાયિત્વ નિભાવનાર થઈએ.

આમીન.

ખુત્બા જુમ્માના અંતમાં હુઝુર અનવર અય્યદહુલ્લાહ તઆલાએ ત્રણ મરહૂમોની નમાઝે જનાઝા પઢવાની ઘોષણા કરી. મુકર્રમા સાહેબઝાદી ઝકીયા બેગમ સાહેબા પત્ની દાઉદ અહેમદ સાહેબ સુપુત્રી હઝરત નવાબ અમતુલ હફીઝ બેગમ સાહેબા તથા નવાબ અબ્દુલ્લાહ ખાન સાહેબ. મુકર્રમ તારિક મસઉદ સાહેબ મુરબ્બી એ સિલસિલા નઝારત ઈસ્લાહો ઈરશાદ મર્કઝિયા રબ્વાહ પુત્ર મુકર્રમ મસઉદ અહેમદ તાહેર સાહેબ. મુકર્રમ શકીલ અહેમદ મુનીર સાહેબ પૂર્વ મિશ્નરી ઈન્ચાર્જ ઓસ્ટ્રેલિયા પુત્ર મુકર્રમ હકીમ ખલીલ અહેમદ સાહેબ મૂંઘૈરી.

*******

## TOLL FREE NO: 180030102131

| Khulasa Khutba Jumma Huzoor Anwar 04 Aug. 2017 |
|---|
| BOOK POST (Printed Matter)<br><br>To......................................................................................................<br>......................................................................................................<br>......................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |